# ગ્રાહકોને વિવિધ સેવાઓ માટે ટ્રાવેલ કંપની 'મેકમાય ટ્રીપ.કોમ' કાર્યરત

અમદાવાદ તા. ૨૫

ભારતની પ્રથમ ક્રમાંકની ઓનલાઈન ટ્રાવેલ કંપની મેકમાય ટ્રીપ ડોટ કોમએ આજે ગુજરાત રાજ્યમાં તેનો વ્યવસાય વિકસાવવાની જાહેરાત કરી હતી. તેની કામગીરીના નવપ્રસ્થાન થવાની સાથે જ હવે પ્રવાસીઓ વિશ્વસ્તરની મુસાફરીની સેવાઓ મેળવી શકશે. સસ્તામાં સસ્તી એરલાઈન ટીકીટ, હોટલ બુકીંગમાં વ્યાજબી દર અને જે રીતે જોઈએ તેવા રજા માણવાના વિકલ્પો આ બધી જ સુવિધાઓનો લાભ હવે ગુજરાતના ગ્રાહકો પણ મેળવી શકશે. શહેરના હૃદયમાં વિસ્તાર, સી. જી. રોડ પર મેક માય ટ્રીપની ઓફિસ આવેલી છે. કંપનીના કો. ફાઉન્ડર અને સી. ઓ. ઓ. કેયુર જોશીએ પત્રકારોને જણાવ્યું હતું કે, અમેરિકામાં ઈન્ડીયા ટ્રાવેલ માર્કેટમાં ચાર વર્ષ સુધી નકારાત્મક કાર્ય કર્યા પછી આ કંપનીએ તેનું ભારત ખાતેનું કાર્ય સપ્ટેમ્બર-૨૦૦૫માં શરૂ કર્યું. ભારતમાં મુસાફરી કરનાર વર્ગની વધતી જતી જરૂરીયાતોને પહોંચી વળવા ભારત ખાતે નવપ્રસ્થાન કર્યું. અને આજે, મેક માય ટ્રીપ ૫૦૦૦થી વધુ ફલાઈટ ટીકીટ, હોટલ રૂમ્સની ૧૦૦૦ જેટલી રાત્રી અને રોજના ૫૦થી વધુ હોલિડે-પેકેજ વેચે છે. દર મહિને ૧૮ લાખથી વધારે અજોડ લોકો તેની સાઈટની મુલાકાત લે છે. ૨૦૦૬-૦૭માં તેણે તેનાં ગ્રાહકોને ૧૦ લાખથી વધારે પ્રવાસ આયોજિત કરવાની મદદ કરી છે.




કંપનીની યોજના પ્રમાણે, ગુજરાતનું રૂા. ૧૫૦૦૦ કરોડનું ટ્રાવેલ માર્કેટ, એ તેનું લક્ષ્યાંક છે. દેશ અને વિદેશમાં કરવા માટે, રાજ્યમાં રહેલી રૂા. ૫૦૦ કરોડની તક એ કંપનીનું વિશેષ ધ્યેય છે અને તેથી જ તે તેના ભાવિ ગ્રાહકોને તેમની મરજી પ્રમાણે વિકલ્પો આપી શકે. તે માટે કંપનીએ તેની ઓફલાઈન ઉપસ્થિતિ ઉભી કરી છે.